# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-02-2026** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હીના મોદી** વાંચે છે.

---

1. રાજ્યના નાગરિકો ઉપર નવા કર વિનાનું 4 લાખ આઠ હજાર કરોડનું વિક્રમજનક અંદાજપત્ર રજૂ કરતાં નાણામંત્રી કનુ દેસાઇ
2. પ્રવાસન, આદિજાતિ વિકાસ અને યુવાનોના વિકાસ માટે અંદાજપત્રમાં વિશેષ યોજનાઓની જાહેરાત
3. કોમનવેલ્થ ગેમ્સ અને ઓલિમ્પિક ગેમ્સની તૈયારીઓના ભાગરૂપે અમદાવાદમાં સુવિધાઓ વિકસાવવા અંદાજપત્રમાં ભાર મૂકાયો
4. મુખ્યમંત્રીએ રાજ્યના વિકાસનો રોડમેપ રજૂ કરનારુ બજેટ લેખાવ્યુ - જ્યારે વિપક્ષે બજેટને વખોડ્યું – ઉદ્યોગ ક્ષેત્ર સહિત સમાજના દરેક વર્ગના લોકોએ બજેટને આવકાર્યું.
5. રાજ્યમાં આગામી દિવસોમાં કમોસમી વરસાદ વરસવાની આગાહી

------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# BUDGET OVER ALL

વિકસિત ભારત@૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવાની નેમ સાથે આજે નાણામંત્રી કનુભાઇ દેસાઇએ વિધાનસભામાં વર્ષ 2026-27નું ચાર લાખ 8 હજાર 53 કરોડનું વિક્રમ જનક બજેટ રજૂ કર્યું હતું.. આત્મનિર્ભર ભારતના સંકલ્પને આગળ ધપાવવાની નેમ સાથે ગત વર્ષની સરખામણીમાં દસ પોઇન્ટ બે ટકા એટલે કે 37 હજાર 803 કરોડના વધારા સાથે આ બજેટ રજૂ કરાયું હતું...

974 કરોડ રૂપિયાની પુરાંત સાથેના કરબોજ વિનાના આ બજેટમાં બે લાખ 46 હજાર 16 કરોડની મહેસૂલી ખર્ચની જોગવાઇ છે.. જ્યારે મૂડી ખર્ચ માટે એક લાખ 57 હજાર 358 કરોડની જોગવાઇ છે..જેમાં 17.5 ટકાનો વધારો દર્શાવાયો છે.. રાજકોષીય ખાધ 1.97 ટકા અંદાજવામાં આવી છે. જ્યારે જાહેર દેવું 14.65 હોવાનું બજેટમાં જણાવાયું છે.. આ બજેટમાં રમતગમતની સુવિધાઓમાં વધારો અને સોમનાથને એક વૈશ્વિક પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાની પણ જાહેરાત કરાઇ છે.

(BYTE- KANU DESAI, BUDGET OVERALL)

----------

# BUDGET NEW ANNOUNCMENT

આ વર્ષના અંદાજ પત્રમાં વિવિધ વિકાસ યોજનાઓની પણ જાહેરાત કરવામાં આવી છે.

ગયા વર્ષની સરખામણીએ 10.2 ટકાના વધારા સાથે રજૂ થયેલા આ અંદાજપત્રમાં GYAN એટલે કે, ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિને વધુ સશક્ત બનાવવા વિવિધ જોગવાઇઓ કરવામાં આવી હોવાનું પણ નાણામંત્રીએ જણાવ્યુ હતું. રાજ્યમાં 3 લાખ ૧૫ હજારથી વધુ આવાસોના નિર્માણ માટે  ચાર હજાર ૨૭૨ કરોડની જોગવાઇની નાણામંત્રીએ જાહેરાત કરી હતી.

**(BYTE – KANU DESAI, AAVAS YOJNA)**

સમાજના પછાત અને નબળા વર્ગના તેમજ આદિજાતિ લોકોના વિકાસ માટે ૮૬૯ કરોડ, નવી બે હજાર આંગણવાડીઓના નિર્માણ માટે ૩૬૦ કરોડની જોગવાઇ કરાઇ છે.

**(BYTE – KANU DESAI, AANGANVADI)**

પ્રધાનમંત્રી જન આરોગ્ય–મુખ્યમંત્રી અમૃતમ (મા યોજના)” યોજના ૩૪૭૨ કરોડ, સુરત, ભાવનગર અને જામનગર ખાતે આઇવીએફની સુવિધા શરૂ કરાશે. બાંધકામ શ્રમયોગીઓની શ્રમિક અન્નપૂર્ણાના નવા ૧૨૧ કેન્દ્ર કાર્યરત કરવામાં આવશે. તેમજ શ્રમયોગીઓને બાંધકામના સ્થળે આરોગ્યની પ્રાથમિક સેવા આપતાં નવા ૫૦ આરોગ્ય રથ શરૂ કરાશે.

VB-G RAM G યોજનામાં કામના દિવસો 100થી વધારી 125 કરીને ૧૫૦૦ કરોડની જોગવાઇ કરાઇ છે..

પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ વાર્ષિક આવક મર્યાદા ૨ લાખ 50 હજારથી વધારીને 6 લાખ કરાઇ છે.. જ્યારે આદિજાતિ, અનુસૂચિત જાતિ, વિકસતી જાતિ તેમજ આર્થિક રીતે પછાત વર્ગના આશ્રમશાળાઓ

અને ગ્રાન્ટ-ઈન-એઈડ છાત્રાલયોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની મળતી માસિક સહાયમાં વધારો કરી ૨૫૦૦ રૂપિયા કરવાની જાહેરાત કરાઇ છે..

**(BYTE – KANU DESAI- AADIJATI)**

રાજ્યમાં વધુ ૯૨૬ પી.એમ.શ્રી શાળાઓ શરૂ કરાશે, બાલવાટિકાથી ધોરણ-૧૦ સુધી વિદ્યાર્થીઓના અભ્યાસમાં તૂટ ન પડે તે માટે સંકલિત શાળાઓ બનશે. ગાંધીનગર ખાતે દેશની સૌથી મોટી અને અત્યાધુનિક નમો સેન્ટ્રલ લાઇબ્રેરી સ્થાપવામાં આવશે. જેમાં અભ્યાસ અને વાંચનની સુવિધાઓ ડિજિટલ સ્વરૂપે ઉપલબ્ધ કરાવવામાં આવશે. નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના માટે ૨૫૦ કરોડ દિવ્યાંગજનને ટ્રાન્સપોર્ટ/એસ્કોર્ટ એલાઉન્સ અપાશે.. નમો ગુજરાત કૌશલ્ય અને રોજગાર મિશનને વેગ આપવા ૨૨૬ કરોડની ફાળવણી કરાશે. મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ યોજના હેઠળ માસિક ૩૦૦૦ સુધીની સહાય આપવા ૮૦ કરોડ અપાશે..

આઇ.આઇ.ટી.ના મોડલ પર એલ.ડી. ઇજનેરી કોલેજ, અમદાવાદ ખાતે રિસર્ચ પાર્ક સ્થપાશે.. સુરત, વડોદરા, મહેસાણા અને રાજકોટ ખાતે i-Hubના રીજનલ સેન્ટર સ્થાપવામાં આવશે.

-------

## CM ON BUDGET

વિધાનસભામાં નાણામંત્રીએ બજેટ રજૂ કર્યા બાદ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે કહ્યું કે બજેટના કુલ ખર્ચના 65 ટકા વિકાસલક્ષી ખર્ચ માટે ફાળવ્યા

છે. જેમાં શિક્ષણ, રમતગમત, કળા અને સાંસ્કૃતિક માટે 20 ટકા એટલે કે 64 હજાર કરોડથી વધુ રૂપિયા ફાળવ્યા છે.

(BYTE- BHUPENDRA PATEL, CM)

----------

## AAP ON BUDGET REACTION

આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઇટાલિયાએ આ બજેટને નિરાશાજનક કહી વખોડી કાઢ્યું હતું.

(BYTE- GOPAL ITALIYA)

----------

## BUDGET AAVKAR

બજેટમાં અરવલ્લી જિલ્લાને નવીન GIDCની જાહેરાત થતા અરવલ્લીના ઉદ્યોગ સાહસિકો અને GIDC મોનિટા ગૃપ ડાયરેક્ટર હર્ષ શાહે પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે નવીન જીઆઇડીસીથી નવા એકમો સ્થાપિત થશે અને રોજગારીના અવસર ઊભા થશે.

**(BYTE – HARSH SHAH, DIRECTOR, MONITA GROUP, MODASA GIDC)**

AI આધારિત રિસર્ચ અને કુશળતાને વિકસાવવામાં નવી તકો મળશે તેમ જણાવતા સુરતના વિદ્યાર્થીઓએ બજેટને અવકાર્યું છે.

**(BYTE- STUDENT, SURAT)**

તો વલસાડમાં ખેડૂત સમાજના પ્રમુખ ભગુભાઈ પટેલે બજેટને આવકારતા જણાવ્યુ કે આ બજેટથી કૃષિ પશુપાલન ક્ષેત્રે ક્રાંતિ આવશે.

**(BYTE – BHAGUBHAI PATEL, VALSAD)**

----------

# GUJ. VEPARI SANGHTHAN AAVKAR

નાણામંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા રજૂ કરવામાં આવેલા વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટને ઉદ્યોગ જગતે આવકાર્યું છે. ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (GCCI) ના પ્રમુખ સંદીપ એન્જિનિયરે જણાવ્યું કે, આ બજેટમાં ખાસ કરીને સ્પેસ ટેકનોલોજી, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને સેમિકન્ડક્ટર જેવા ક્ષેત્રોને અપાયેલી પ્રાથમિકતા ગુજરાતના ઉદ્યોગોને વૈશ્વિક સ્તરે વધુ સ્પર્ધાત્મક બનાવશે. આ ઉપરાંત, 'નમો ગુજરાત કૌશલ્ય અને રોજગાર મિશન' અને i-Hub ના પ્રાદેશિક કેન્દ્રોના વિસ્તરણ દ્વારા ઉદ્યોગોને તૈયાર પ્રતિભા મળી રહેશે તેવી અપેક્ષા પણ વ્યક્ત કરવામાં આવી છે.

બજેટમાં MSME ક્ષેત્ર માટે ૧,૭૭૫ કરોડ રૂપિયાની ફાળવણી અને ૨૫ જી.આઈ.ડી.સી. (GIDC) ને 'સ્માર્ટ GIDC' માં રૂપાંતરિત કરવાની દરખાસ્તને પણ વેપારી સંગઠનોએ બિરદાવી છે.

----------